મેરેથોન ટ્રેનિંગ કેમ્પમાં રનર્સનો જોરદાર ઉત્સાહ

# સે-૨૪માં ઈંડાની લારી પર રાયોટીંગ

**સે-૧૫ ફતેપુરાના યુવાન શખ્સોનું ટોળુ રાત્રે આવ્યું અને છ લારીઓમાં તોડફોડ કરી ધમાલ મચાવી : છ શખ્સોની ધરપકડ : રાત્રે સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે સ્થિત એક ઈંડાની લારી ઉપર ગઈ રાત્રે ફતેપુરાના દશેક શખ્સોએ આવીને તોડફોડ કરી મુકી હતી. છ લારીઓ ઉંધી વાળ દઈને મારઝુડ કરી ધમાલ મચાવી મુકી હતી. તાત્કાલિક પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આ ધમાલ કોમી રમખાણમાં ન ફેરવાય જાય તેની ખાસ તકેદારી રાખી છ હુમલાખોરોની ધરપકડ કરી લઈ કડક કાર્યવાહી હાથ ધરી હતી તો બીજી તરફ ફરી પરિસ્થિતિ તંગ ન થઈ જાય તે માટે રાત્રે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

સેકટર-૨૪માં મુજાહીદ આમીદ કુરેશીની ઈંડા ફ્રાયની લારી આવેલી છે. આ લારી પર ઉત્તારાયણની રાત્રે સે-૧૫ ફતેપુરાના ત્રણ યુવાનો રાજુ, મોતીયો અને મહેશ દારૂ પીનો ઈંડા ખાવા ગયા હતા. રૂપિયા આપવાની બાબતે ઉત્તરાયણની રાત્રે જ માથાકુટ થઈ હતી પરંતુ પીધેલા ત્રણેય શખ્સો ત્યાંથી તે સમય નીકળી ગયા હતા. ત્યાર બાદ બીજા દિવસે વાસી ઉત્તરાયણે રાત્રે (ગઈ કાલે) દશેક યુવાનોનું ટોળુ લઈને લાકડી ધોકા સાથે પહોંચી ગયા હતા અને લાઈનસર મુકેલી છ લારીઓ ઊંધી કરી દઈ તોડફોડ કરીને ઈંડાઓ ફોડી નાંખી નુકશાન કર્યુ હતું તે ઉપરાંત મુજાહીદના કારીગર દિનેશ મીરને ઢોર માર મારી ધમાલ કરી મુકી હતી. પોલીસ તાબડતોબ બનાવ સ્થળે આવી પહોંચી હતી અને લારી માલિક મુજાહીદની ફરિયાદને આધારે રાયોટીંગનો ગુનો નોંધી મોટી આદરજના મહેશ વિક્રમ ઠાકોર, ધુધા વાઘા ઠાકોર, ફતેપુરાના પરેશ દેવજી ઠાકોર, રાકેશ રમેશ ઠાકોર, સંજય મહેન્દ્ર રાઠોડ અને સોનીપુરના પોપટ જગા ઠાકોર મળી છ શખ્સોની ધરપકડ કરી લીધી હતી તો બીજી તરફ કોમી તોફાન ન થાય તે માટે કડક બંદોબસ્ત પોલીસે ગોઠવી દીધો હતો.

# લવારપુર પાસે બે ગાડીઓ સામ-સામે અથડાતા બે નાં મોત

**ઓવરટેક વખતે રાત્રે અંધારામાં સ્વીફટ ડીઝાયરનું ટાયર એક પથ્થર પર ચઢી જતાં ફંગોળાઈને સામે આવતી અલ્ટો ગાડીમાં ઘૂસી જતા અકસ્માત સર્જાયો : બે ની હાલત હજુ ગંભીર**

ગાંધીનગર, તા.૧૬

ચિલોડા-નરોડા હાઈવે પર લવારપુર નજીક ગઈ રાત્રે બે ગાડીઓ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઓવરટેક કરતી વખતે સ્વીફટ ડીઝાયરનું ટાયર હાઈવેની બાજુમાં પડેલા એક પથ્થર પર ચઢી જતાં ગાડી ફંગોળાઈને સામે આવતી અલ્ટો ગાડીમાં ઘુસી ઘઈ હતી. આ અકસ્માતમાં અલ્ટોમાં સવાર મહિલાનું અને સ્વીફટ ડીઝાયરમાં સવાર યુવાનનું કરુણ મૃત્યુ નિપજયું હતું. જયારે બે વ્યકિતઓની હાલત હજુ ગંભીર છે. ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

હિંમતનગર મહાવીરનગર વિસ્તારમાં રહેતા પરેશભાઈ શાહ તેમના પત્નિ વૈશાલીબેન અને બે દિકરાઓને લઈને મણીનગર પોતાના ભાઈના ઘરે અલ્ટો ગાડી લઈને ગયા હતાં. ત્યાંથી ગઈ રાત્રે પરત હિંમતનગર જવા નીકળ્યા હતા તો બીજી તરફ અમદાવાદના ગોમતીપુર વિસ્તારના જયંતીભાઈ અંબાલાલ પરમાર તથા તેમના સાઢુ, સાળો અને મિત્ર સ્વીફટ ડિઝાયર ગાડી લઈને શામળાજી ગયા હતા ત્યાંથી ગઈ રાત્રી તે અમદાવાદ જવા પરત ફરી રહ્યા હતા. નેશનલ હાઈવે નં. ૮ પર લવારપુર નજીક સ્વીફટ ડીઝાયર આગળ જતા એક મોટા વાહનની ઓવરટેક કરવા જતી હતી ત્યારે રાત્રે અંધારામાં સાઈડમાં પડેલા પથ્થર પર ટાયર આવી ગયું ને ગાડી ફંગોળાઈને સામેથી પરેશભાઈ શાહની આવી રહેલી અલ્ટો ગાડીમાં ધડાકાભેર ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં બંને ગાડીમાં સવાર આઠેય મુસાફરો ઘાયલ થયા હતા જે પૈકી અલ્ટોમાં સવાર ૪૩ વર્ષીય વૈશાલીબેન પરેશભાઈ શાહનું અને સ્વીફટ ડીઝાયરમાં સવાર જયંતીભાઈ પરમારનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ પરેશભાઈ અને તેમના ૧૯ વર્ષીય દિકરા હાર્દિકની હાલત હજુ પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીએ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



## @ગાંધીનગર

● કલા ગુર્જરી ગાંધીનગર અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે રાત્રે ૯.૦૦ કલાકે ટાઉનહોલ સે-૧૭ ખાતે યોગ નૃત્યોનું અદભુત પ્રદર્શન યોજાશે.

● સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ દ્વારા સવારે ૯.૦૦ કલાકે સેકટર-૧૬, બ્રહ્મભવન ખાતે સમાજની સ્થાપના કરવા માટેની બેઠક યોજાશે.

● હરેકૃષ્ણ મંદિર અમદાવાદ દ્વારા રવિવારના રોજ સવારે ૧૦.૦૦થી ૧૧.૩૦ કલાક દરમિયાન સેકટર-૧૬, તિરૂપતિ બાલાજી મંદિર ખાતે ગીતા સત્સંગનો કાર્યક્રમ યોજાશે.

● સે-૧૨, ડૉ. આંબેડકર ભવન ખાતે સાંજે ૫.૩૦ કલાકે નટુભાઈ સોલંકી દ્વારા ડૉ. આંબેડકરના ગ્રંથ 'બુધ્ધ અથવા કાર્લ માકસ' ઉપર વકતવ્ય આપશે.

● વન વિભાગ બોરીજ રેન્જ દ્વારા ઉનાવામાં સવારે ૯ કલાકે મેડીકલ કેમ્પ યોજાશે.

● સેકટર-૩-ડી, હરસિધ્ધ સિધ્ધીપીઠ ખાતે પ્રથમ પાટોત્સવ નિમિત્તે શતચંડી મહાયજ્ઞનું સવારે ૭ કલાકે પ્રારંભ ઉપરાંત રાત્રે ૮ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● સિનિયર સંસ્થા જી.ઈ. કલબ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન સેકટર-૬ ખાતે સફાઈ અભયાન અંતર્ગત પ્લાસ્ટીક હટાવો ઝુંબેશ યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન રાંધેજાના કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિર ખાતે ગોસ્વામી સંજય ભારતી બાપુની વ્યાસપીઠે રામકથા યોજાશે.

● સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે સવારે ૮.૦૦ કલાકે અમૃત હાયર સેકન્ડરી સ્કુલનું એન્યુઅલ ફંકશન યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● જાણીતા ઉદ્યોગપતિ રાહુલ મહેતાની દિકરી હેત્વીન લગ્ન પ્રસંગે શુભેચ્છા ભેટની રકમ ગૌ શાળાને સુપ્રત કરવામાં આવી હતી. શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલિત ગૌ શાળા ખડસલીની પહોંચ પણ આપવામાં આવી હતી.

● ઉત્તરાયણ લાડુ ખાવાથી માણસા ખાતે ૧૬ કુતરા અને બે ગાયની તબિયત લથડી છે.

● ઉત્તરાયણ પર્વમાં પતંગ ચગાવીને થાકયા હોવાથી વિદ્યાર્થીઓ શાળાએ ન જતાં શહેરની શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી.

● શહેરમાં ઉત્તરાયણ પછી વૃક્ષ તેમજ જયાં પણ દોરી લટકતી દેખાય તો તેને ખેંચીને જમીન પર ફેંકી દેજો આનાથી ઘણા પક્ષીઓ બચી જશે. વૃક્ષ પર લટકતી દોરીમાં અંધારામાં ઘણા પક્ષીઓ ભરાઈ જાય છે અને ઘાયલ થાય છે. આપની ૧ મિનિટ કોઈનો જીવ બચાવી શકશે. જીવદયા માટે આટલું જરુરથી દરેક નગરજનો કરજો અને બીજાને પણ આ માટે કરવા જાણ કરશો.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫



ગાંધીનગર શહેરના સેકટર-૧૨ સ્થિત ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે ગત શુક્રવારના રોજ બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષા, યુપીના પૂર્વ સી.એમ. અને રાજયસભા સાંસદ કુ. માયાવતીજીના જન્મદિનની ઉજવણી ગાંધીનગર જિલ્લાના કાર્યકરોએ કેપ કાપી કરી હતી. આ પ્રસંગે બહુજન સમાજ પાર્ટીના પ્રદેશ મહામંત્રી સિધ્ધાર્થ કશ્યપ, ગુજરાત પ્રદેશ ખજાનચી ડી.એસ. વાઘેલા, જિલ્લા કમિટીના પ્રમુખ પ્રવીણ વાઘેલા, મહામંત્રી ચિરાગ પરીખ, ખજાનચી સુરેશભાઈ પરમાર સહિત જિલ્લાભરમાંથી કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ગાંધીનગર પધારતા આંતરરાષ્ટ્રીય કબીર ગાન ગાયિકા શબનમ વિરમાણી

વિશ્વ ગ્રામ (સંજય-તુલા) સંસ્થા, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કબીર ગાન ગાયિકા શબનમ વિરમાણીનો કબીર ગાન કાર્યક્રમ તા. ૨૦-૧-૨૦૧૬ બુધવારે સાંજે ૫ થી ૭ કલાકે શેઠ ખીમજી વિસરામ સંસ્કાર ભવન હોલ, કડી કેમ્પસ, ગેટ નં. ૭, સેકટર-૨૩ ખાતે યોજવામાં આવેલ છે. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને કડી સાર્વજનિક કેળવણી મંડળના પ્રમુખશ્રી વલ્લભભાઈ એમ. પટેલ તથા મુખ્ય મહેમાનપદે નિવૃત્ત મુખ્ય સચિવશ્રી પ્રવિણ લહેરી ઉપસ્થિત રહેશે.

## ઘ-૪ બગીચામાં આજે રાઈટ ટુ એજયુકેશન પર પ્રવચન

મૂળ નિવાસી સંઘ દ્વારા તા. ૧૭મી જાન્યુઆરીને સાંજે સાડા ચાર વાગે ઘ-૪ બગીચામાં 'રાઈટ ટુ એજયુકેશન એકટ' ઉપર શ્રી રાજુભાઈ સોલંકીનું પ્રવચન રાખેલ છે. આ કાયદાના લાભાલાભની જાણકારી મેળવી તેનો લાભ લેવા મુળ નિવાસી સંઘના કન્વીનર શ્રી વાસુદેવભાઈ શ્રીમાળીએ જણાવેલ છે.

# સિવિલના સ્પેશિયલ વોર્ડમાં સુવિધા કે દુવિધા..!

**સ્પેશિયલ વોર્ડનો ટેલીફોન છેલ્લા મહિનાથી બંધ હાલતમાં, ગીઝર ચાલુ ન હોવાથી દર્દીઓની હાલત કફોડી**

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવધ રોગની સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલમાં આવેલા સ્પેશયલ વોર્ડના રુમોમાં ગીઝર ચાલું હાલતમાં નથી. ગીઝર તો ઠીક પણ સવારે પાણી માટે પણ વોર્ડમાં હાજર દરેક વ્યકિતને પાણી માટે પણ વલખા મારવા પડે છે. સ્પેશીયલ વોર્ડમાં પ્રાથમિક સુવિધાનો અભાવને પગલે દર્દીઓ તેમજ સગાઓની હાલત કફોડી બની છે. વીઆઈપી વોર્ડમાં જ આ હાલત છે તો બાકીના અન્ય વોર્ડની કેવી હાલત હશે.. અત્યારે હાલ તો દર્દીઓ બહારથી ગરમ પાણી લાવીને દર્દીઓને સ્નાન કરાવી રહ્યા છે. સ્પેશીયલ રુમ દર્દીને સારી સુવિધા મળી રહે તેના માટે પરિવારજનો લેતા હોય છે. પરંતુ અત્યારે હાલના સમયે સુવિધાની જગ્યાએ દુવિધાનો વોર્ડ દર્દીઓને લાગવા માંડયો છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં આઠ માળની નવી બિલ્ડીંગ અને પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ કાર્યરત તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. પરંતુ દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં કોઈ ફેર પડયો નથી. ગાંધીનગર સિવિલ જીલ્લાકક્ષાની હોવાથી આસપાસના અન્ય જીલ્લાના દર્દીઓ પણ અહીં સારવાર માટે આવે છે. પરંતુ કોરપોરેટ લુક ધરાવતી હોસ્પિટલમાં રોજ તંત્રના ધાંધીયા બહાર આવે છે. સિવિલનો સ્પશીયલ વોર્ડ સુવિધાની જગ્યાએ દુવિધાઓથી ભરપુર છે. આ વોર્ડમાં છેલ્લા એક મહિનાથી ટેલીફોન માત્ર શોભાના ગાંઠીયા સમાન બની ગયો છે. વોર્ડમાં આવેલા રુમના લગભગ મોટાભાગના ગીઝર બંધ હાલતમાં છે. છેલ્લા પાંચ દિવસથી નિયમિત પાણી પણ આવતું ન હોવાથી દર્દીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે ગીઝર ચાલું ન હોવાથી બહારથી ગરમ પાણી લાવીને દર્દીઓને સગા દ્વારા સ્પંચ કરવામાં આવે છે. શહેરની હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓ સુવિધા માટે સ્પેશીયલ રુમ ભાડું ચુકવીને લેતા હોય છે. પરંતુ દર્દીઓના ભોગે તો સરકારી હોસ્પીટલ હોવાથી દુવિધા જ ભાગમાં આવે છે.

# વાવોલમાં ઘરફોડ ચોરીઓ વધતા પોલીસનું કન્સ્ટ્રકશન સાઈટો પર ચેકીંગ

**શિવેશ-૧૯૫માં એલસીબીનો દરોડો : બિલ્ડર અને કોન્ટ્રાકટર સામે ગુનો દાખલ**

ગાંધીનગર, તા.૧૬

વાવોલ ગામમાં ઉત્તરાયણના દિવસે બબ્બે મકાનોના તાળા તુટયા હતા જેને ગંભીરતાથી લઈને પોલીસે ખાસ તે વિસ્તારની આજુબાજુની કન્સ્ટ્રકશન સાઈટો પર ચેકીંગ હાથ ધર્યું હતું. એલસીબીએ કન્સ્ટ્રકશન સાઈટો પર દરોડા પાડીને સાઈટ પર કામ કરતા મજુરોનું રજીસ્ટર ન નિભાવનાર અને પોલીસને મજુરો અંગેની જાણ ન કરનાર બિલ્ડર-કોન્ટ્રાકટર સામે કાર્યવાહી હાથ ધરી હતી. શિવેશ-૧૯૫ની સાઈટ પર કામ કરતા મજુરોની જાણ પોલીસને ન કરનાર અમદાવાદનાં બિલ્ડર ઉત્પલ ડી. પટેલ અને રાણીપનાં કોન્ટ્રાકટર વસંત કે. પટેલ બંને સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી સે-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો છે.

# રાંધેજાની શાળાઓમાં કલ્પતરુ વેલફેર ટ્રસ્ટ દ્વારા આરોગ્ય ચકાસણી

ગાંધીનગર, તા.૧૬

ગજાનન સેવા સમિતિ દ્વારા રાંધેજા વિસ્તારની શાળાઓમાં આરોગ્ય ચકાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી વિવેકાનંદના



જન્મ દિવસ નિમિત્તે કલ્પતરુ વેલફેર ટ્રસ્ટ ગાંધીનગર આયોજિત આરોગ્ય કેમ્પમાં રાંધેજાની ૩ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ ૮૧૫ વિદ્યાર્થીઓને તપાસી દવા આપવામાં આવી હતી. આ આરોગ્ય ચકાસણી દરમિયાન આરોગ્ય કર્મચારી યોગેશભાઈ તથા અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ડૉ. પ્રવિણ બોધાણી, ડૉ. સુવિણા ચીતાણીયા, પંચાલભાઈ, ગોપાલભાઈ, મિલિન્દભાઈએ સહકાર પુરો પાડયો હતો.

# મેરેથોન ટ્રેનિંગ કેમ્પમાં રનર્સનો જોરદાર ઉત્સાહ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં પ્રથમ વાર યોજાઈ રહેલી નેશનલ ઈવેન્ટ હાફ મેરેથોનની તડામાર તૈયારી ચાલુ છે. રનર્સને યોગ્ય પ્રશિક્ષણ મળી રહે, સ્ટ્રેચિંગ કસરત અને ડાયેટનો ખ્યાલ મળે એ માટે સવાર સાંજ ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરાયું છે.

ઘ-૪ સર્કલ પાસે રોજ સવારે ૬ થી ૮ અને પુનીત વન રોજ સાંજે ૪ થી ૬ના સમયે માસ્ટર્સ ટ્રેનર દ્વારા મેરેથોનમાં ભાગ લેનારા રનર્સને તૈયારી કરાવાઈ રહી છે. શહેરમાં પ્રથમવાર યોજાતી મેરેથોનમાં ભાગ લેવા જોરદાર ઉત્સાહ છે એવુ આ કેમ્પમાં આવતા રનર્સ પરથી જોઈ શકાય છે.

ગાંધીનગરના રનર્સને આ કેમ્પ વિના મૂલ્યે સેવા આપી રહ્યો છે. આ ટ્રેનિંગનો લાભ લઈ સિસ્ટેમેટિક હાફ મેરેથોન પૂર્ણ કરવા ઘણો લાભદાયી નીવડશે તો સૌ કોઈ રનર્સને આ કેમ્પનો લાભ લેવા ગાંધીનગર રનર્સ ગ્રુપ વતી ખુલ્લો આવકાર છે.

## જીઈબીની સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

જીઈબી ખાતે આવેલ શ્રી સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં સ્વામી વિવેકાનંદના જન્મ દિવસ નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં હાઈસ્કૂલ વિભાગના ૩૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના વિદ્યાર્થીઓએ વિવેકાનંદજીના જીવનના પ્રેરક પ્રસંગોની સુંદર છણાવટ કરી પોતાની આગવી લેખનશૈલીમાં લેખન કાર્ય કરી પ્રસ્તુત કર્યું હતું. આ લેખન પ્રવૃત્તિ શાળાના બુલેટીન બોર્ડ ઉપર સજાવવામાં આવી હતી. આ સ્પર્ધામાં શાળાના આચાર્ય ગોવિંદભાઈએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરું પાડયું હતું તેમજ સમગ્ર સ્પર્ધાનું સંચાલન હર્ષદરાય ઉપાધ્યાયે કર્યું હતું.

# હવે, બે દિવસની થઈ ગઈ છે ઉત્તરાયણ

**વાસી ઉત્તરાયણ ગણીને બે દિવસનો ઉત્સવ મનાવતા પતંગ રસીકો, જો કે બીજા દિવસે ચાલુ હોવા છતાં રજાનો માહોલ છવાયો**

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતની ઉત્સવપ્રિય પ્રજાએ ઉત્સવોનો પણ અતિરેક કર્યો હોય તેવું બની રહ્યું છે. મકરસંક્રાંતિ ફકત એક જ દિવસનો ઉત્સવ છે અને તેની જાહેર રજા પણ હોય છે છતાં પસંગ રસીકો ઉત્તરાયણના બીજા દિવસને વાસી ઉત્તરાયણ ગણી બે દિવસના પર્વની મજા મેળવે છે.જો કે એક દિવસમાં ઉત્સવનો આનંદ પુર્ણ ન થતો હોય તેમ સર્વત્ર વાસી ઉત્તરાયણ સ્વીકારી લેવાઈ હોય તેમ ધાબા અને અગાશીઓ સિવાય સુનકાર જોવા મળે છે. આમ ગુજરાતમાં હવે ઉત્તરાયણ બે દિવસની થઈ ગઈ હોય તેવું સ્પષ્ટ વર્તાઈ રહ્યું છે.

ઉત્સવો ઉજવવામાં અવ્વલ નંબર ગણાતા ગુજરાતીઓ મન મુકીને તેનો આનંદ મેળવે છે. વધુમાં દિવાળી હોય, નવરાત્રી હોય કે પછી ઉત્તરાયણ તેમાં જાણે કે દિવસો ઓછા પડતા હોય તેમ લટકાનો એક દિવસ વધારી ઉત્સવની ભરપૂર મજા માણે છે. છેલ્લા કેટલાક વર્ષોથી ઉત્તરાયણ બે દિવસની જ ગુજરાતમાં પતંગ રસીકો મનાવે છે. જો કે શનિ રવિ કે અન્ય રજા જો આ દિવસ સાથે ભળી જાય તો પતંગ રસીકોનો આનંદ બેવડાઈ જાય છે અને પતંગ દોરી સહિતની તમામ પર્વ અંગેની ચીજ વસ્તુઓની ખરીદી પણ વધારે કરી લેવાતી હોય છે.



(તસવીર : કુંતલ નિમાવત)

જો કે હવે પ્રણાલી થઈ ગઈ હોય તેમ ઉત્તરાયણના બીજા દિવસને વાસી ઉત્તરાયણ ગણીને પણ બે દિવસનું પર્વ મનાવવામાં આવી રહ્યું છે. બીજા દિવસે પણ ભરપૂર પતંગ આકાશમાં ચગતા જોવા મળે છે. સાથો સાથ નગરના માર્ગો પણ ચહલ પહલ વગર સુનકાર ભાસે છે તો ધંધા-વ્યવસાય કરતો વપારી વર્ગ પણ વાસી ઉત્તરાયણ ગણીને રજા પાડી દે છે. સરકારી કચેરીઓ સહિત કેટલીક કચેરીઓ ઉત્તરાયણના બીજા જ દિવસથી કાર્યરત થઈ જતી હોય છે છતાં ઉત્સવપ્રિય અને પતંગ રસીકો બીજા દિવસની રજા મુકીને પણ વાસી ઉત્તરાયણ મનાવે છે. હવે ઉત્તરાયણમાં પતંગની મજા સાથે ડીજે સાઉન્ડ, ઉંધિયુ-જલેબી, ચિક્કી, બોર-શેરડીની પણ મનભરીને મજા મેળવાય છે જેમાં મોડી રાત્રી સુધી ધાબા કે અગાશીમાં ડીજે સાઉન્ડના તાલે લોકો ઝુમીને પર્વનો આનંદ મેળવે છે. જેથી હવે કાયદેસર રીતે ઉજવાતી ઉત્તરાયણને બે દિવસ દરમિયાન ઉજવવાની રસમ થઈ ગઈ છે અને લોકો પણ પતંગ-દોરી સહિતની સામગ્રી પણ બે દિવસ ચાલે તેટલી ખરીદ કરતાં થઈ ગયા છે. ગુજરાતીઓ દરેક ઉત્સવ પોતાની રીતે ઉજવવામાં મશહુર હોઈ ઉત્તારાયણને પણ વાસી ઉત્તરાયણ જેવા નામ સાથે જોડી દઈ બે દિવસનો શાનદાર રીતે તહેવાર ઉજવતા થઈ ગયા છે.

## દુઃખદ અવસાન

નટવરલાલ માણેકલાલ ત્રિવેદી (રૂપાલવાળા)નું ગત તા. ૧૪મી જાન્યુઆરીના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૮મી જાન્યુઆરીને સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન તેઓના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૩૦/૧, કિસાનનગર, સેકટર-૨૬ ખાતે રાખવામાં આવ્યું છે.

રોટેરીયન ડૉ. સૌરભ કાપડીયાના પિતાશ્રીનું અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૭-૧-૧૬ના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન આદર્શનગર પ્લોટ નં. ૮૭૨ સેકટર-૨૪ ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. રમીલાબેન નવનીતલાલ સોલંકી, ઉ.વ. ૪૬
- સ્વ. માલતીબેન શત્રુઘ્ન ઠાકુર, ઉ.વ. ૪૨
- સ્વ. વિજયાબેન ગણપતલાલ દવે, ઉ.વ. ૮૨
- સ્વ. ઈશ્વરભાઈ ખેમાભાઈ પરમાર, ઉ.વ. ૭૯